

## શું જેમ્સ લવલૉકની -'The Gaia Hypothesis' આજે સાચી સાબિત થઈ રહી છે?

# પૃથ્વી નિર્જીવ નથી, સજીવ છે!

વિનોદ પટેલ

આજકાલ જેમ્સ લવલૉકની -'The Gaia Hypothesis'સોશિયલ મીડિયા પર ખૂબજ વાયરલ થઈ રહી છે, જેણે પર્યાવરણવાદીઓ, ભૂસ્તરશાસ્ત્રીઓ અને હવામાનશાસ્ત્રીઓને વિચારતાં કરી દીધા છે! શું છે આ 'The Gaia Hypothesis'? 'The Gaia Hypothesis'એટલે પૃથ્વી જીવંત છે એવી ઉત્કલ્પના, -ધારણા. જેમ્સનું દ્રઢપણે માનવું છે કે પૃથ્વી એ કોઈ નિર્જીવ પથ્થરનો ગોળો નથી કે જેના પર જીવન પાંગર્યું છે! પૃથ્વી પોતે જ 'જીવન'છે! તેના પર અસ્તિત્વ ધરાવતા મહાસાગરો, સરોવરો, નદીઓ, પર્વતો, ઝરણાંઓ, જંગલો, પ્રાણીઓ અને વાતાવરણ તેના જીવંત હોવાના પુરાવા છે. જે રીતે આપણું શરીર, તાપમાનને નિયંત્રિત કરે છે, એજ રીતે પૃથ્વી તેનાં અસ્તિત્વનું સ્વયં નિયંત્રણ કરે છે.

આપણું શરીર, ગરમી લાગે ત્યારે પરસેવો છોડે છે. ઠંડી લાગે ત્યારે ધ્રૂજે છે. આવા સમયે આપણું શરીર, આપણાં નિર્ણયની રાહ જોતું નથી. તે આપમેળે બધું સુધારી લે છે. નિયંત્રિત કરી લે છે. જે કામ આપણું શરીર કરે છે, તે પૃથ્વી પણ કરે છે! જેમ્સ આટલું કહીને છૂટી જતા નથી પરંતુ કેટલાક ઉદાહરણો પ્રસ્તુત કરી તેમનો પક્ષ મજબૂત કરે છે. જેમ કે જ્યારે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી જાય છે. ત્યારે જંગલો તેનું શોષણ કરવા વિસ્તરે છે. મહાસાગર વધુ પડતો એસિડિક બને છે ત્યારે શંખ, છીપલાં, પરવાળા જેવા જીવો પાણીમાંથી કેલ્શિયમ શોધીને તેને ચૂનાના પથ્થરમાં ફેરવી દે છે. જ્યારે પૃથ્વીની સપાટી વધુ પડતી ગરમ થાય છે ત્યારે સૂર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે વાદળો બને છે.

પૃથ્વી કોઈપણ પ્રકારની ઈજનેરી તકનીકી વિના, માર્ગદર્શિકા વિના, પરવાનગી વિના છેલ્લા 4.5 અબજ વર્ષોથી પોતાનું થર્મોસ્ટેટ (તાપમાન નિયંત્રક) જાતે જ ચલાવી રહી છે. પૃથ્વી તેની ઉત્પત્તિથી આજ દિન સુધી અનેક સામુહિક આઘાતો અને વિનાશમાંથી બચી ગઈ છે. તેણે મહાસાગરોને વરાળ બનાવી દે એવાં લઘુગ્રહો અને ઉલ્કાપાતની ટક્કર સહન કર્યા છે, છતાં ફરી બેઠી થઈ છે! થીજેલા, ધગધગતા લાવાને એવી વ્યવસ્થામાં ફેરવી દીધો જ્યાં વર્ષાવનો અને પરવાળા ખડકો ઉછરે છે! ભયાનક ભૂગર્ભ હલચલ, ટાટોનિક પ્લેટોનું હલન ચલન, અને ધરતીકંપને કારણે તેની છાતી પર ચીરા પડ્યા, તેના ટુકડા થયા. આ ટુકડાઓ થોડા-થોડા ખસતાં રહ્યા છતાં આજે અબજોની વસ્તીનો ભાર ઉપાડી રહી છે! છેલ્લા 200 વર્ષોમાં આપણે પૃથ્વી સાથે શું કર્યું? કેવો વહેવાર કર્યો? તેનો અહેવાલ જેમ્સ તેની થીયરીમાં આપે છે. આપણે હંમેશા એવું માની બેઠાં કે પૃથ્વી આપણું સગા-સંબંધી નથી, પણ એક સાધન કે સ્ત્રોત છે! આપણે તેનું લોહી નીચોવી લીધું અને તેને 'ખનિજતેલ'નામ આપ્યું! આપણે તેની ચામડી ચીરી નાંખી અને તેને 'ખનન'નામ આપ્યું! આપણે તેની હવા કાઢી નાંખી અને તેને 'પ્રાકૃતિક''નેચરલ ગેસ'નામ આપ્યું! આપણે તેનાં ફેફસાંને રસાયણોથી ભરી દીધાં અને તેને 'પ્રગતિ'નામ આપ્યું! તેનાં ઉપરના સ્તરની માટીને રાસાયણિક ખાતરો અને દવાઓથી ભરી દીધાં અને તેને પાક-સુધારણા-કૃષિ ઉન્નતિનું નામ આપ્યું! અને હવે જ્યારે તેને તાવ આવ્યો છે ત્યારે આપણે બુદ્ધિજીવીઓ ચર્ચા કરવા બેઠાં છીએ કે તેનો આ તાવ સાચો છે કે નહિ! તેની બિમારી વાસ્તવિક છે કે ભ્રામક!!



**આપણે પૃથ્વીના માલિક નથી, પરંતુ ભાડૂતો છીએ! મકાન માલિકની હવે ધીરજ ખૂટી ગઈ છે! વિકાસ, વિશ્વગુરુની સ્પર્ધામાં આપણે પૃથ્વી સામે જે યુદ્ધ જાહેર કર્યું છે તે ખરેખર તો આપણી સામે જ જાહેર કરેલું યુદ્ધ છે!**

જેમ્સ લવલૉક જે વર્ષો પહેલાં સમજ્યા હતા તે મોટાભાગના લોકો આજે પણ નથી સમજતાં, પૃથ્વીને બચાવવાની કોઈ જરૂર નથી?! કેમ કે પૃથ્વી ગ્રેટ એટોમિક વિસ્ફોટથી, ગ્રેટ ઓક્સિજનેશન ઈવેન્ટથી, ગ્રેટ સાયનો બેક્ટેરિયા એટેક થી બચી ગઈ હતી! કારણ, તેનામાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાની અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં અનુકૂળ થઈ જવાની અદ્ભૂત આંતરિક ક્ષમતા છે!!

પ્રશ્ન એ નથી કે "આપણે જે કરી રહ્યા છીએ તેમાંથી પૃથ્વી બચી શકશે કે નહીં?"પ્રશ્ન એ છે કે પૃથ્વી વળતા જવાબમાં જે કરશે તેનાંથી શું આપણે બચી શકીશું? તેનું તાજું ઉદાહરણ નેપાળમાં સર્જાયેલ હોનાત છે. ત્રિશૂલ જિલ્લા પર ગ્લેશિયરનું ભયાનક 'ત્રિશૂલ'ફરી વળ્યું તેની ભયાનકતા હજુ ડમરું વગાડી રહી છે. હવે સુપર અલ નીનો આવી રહ્યો છે. માનવીય પ્રદૂષણ સામે, પૃથ્વીનો આ પ્રત્યાઘાત હશે. હજારોના જીવ લેવા જ્યારે યાંત્રિક વ્યવસ્થાને હદથી વધારે ખલેલ પહોંચાડવામાં આવે છે ત્યારે આ ખલેલને સુધારવા પૃથ્વી સ્વયં પ્રયત્ન કરે છે અને પોતાની જાતને સુધારે છે! તે હિમયુગ મોકલે છે. પૂર મોકલે છે. ધરતીકંપ મોકલે છે. જ્વાળામુખીનો લાવારસ મોકલે છે. અતિશય ઊંચી ગરમીનો કહેર વર્તાવે છે. અને સુપર અલ નીનોની ભેટ ધરે છે!

યાદ રહે, આપણે પૃથ્વીના માલિક નથી. પરંતુ ભાડૂતો છીએ. મકાન માલિકની હવે ધીરજ ખૂટી ગઈ છે! વિકાસ, વિશ્વગુરુની સ્પર્ધામાં આપણે પૃથ્વી સામે જે યુદ્ધ જાહેર કર્યું છે તે ખરેખર તો આપણી સામે જ જાહેર કરેલું યુદ્ધ છે! જે વૃક્ષ નીચે આપણે સુરક્ષિત છીએ તેને જ આપણે નિર્દયતાથી કાપી રહ્યા છીએ! આપણે પાણીને ઝેરી બનાવીને, આપણાં લોહીને શુદ્ધ ન રાખી શકીએ. જંગલને સળગાવીને ફેફસાંને સાફ ન રાખી શકીએ. માટીને નષ્ટ કરી ને, પાકને શુદ્ધ ન રાખી શકીએ. આપણે પૃથ્વી સાથે જે ખિલવાડ કરી રહ્યા છીએ તે ખિલવાડ હકીકતમાં આપણાં અસ્તિત્વ સામે છે. સભાનતા એવી કેળવવાની છે કે આપણે પૃથ્વી પર નથી, આપણે પોતે જ પૃથ્વી છીએ. જીવંત પૃથ્વી પાસે, માણસને સમજાવવાની ધીરજ હવે ખૂટી ગઈ છે! હવે પછીના વર્ષોમાં પૃથ્વી એવો વળતો પ્રહાર કરશે કે બચવાની કોઈ ગુંજાયશ નહિ હોય!

અર્થશાસ્ત્રી માલ્થુસે કહ્યું છે તે આજે સાચું પડતું દેખાય છે. તેમણે કહ્યું છે, "અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, જ્વાળામુખી વિસ્ફોટ જેવી કુદરતી હોનારતો એ બીજું કશું નથી પરંતુ પૃથ્વી માનવજાતને કાબુમાં રાખવાનું કુદરતનું એક માત્ર સાધન છે." પ્રકૃતિના રૌદ્ર સ્વરૂપ સામે આપણે કેટલા વામણા છીએ! આપણે ક્યારે જાગીશું? ક્યારે વિરાટ બનીશું?